# તમને રોજ સપનાં આવે છે?

ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

આજકાલ સપનાં ની વાતો બહુ જ થાય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને સમજમાં ન આવે તે રીતે સપનાં જોવાનું કહેવામાં આવે છે. મોટીવેશનલ ભાષણકારો તો આ બાબતે બે ડગલા આગળ છે. પણ આપણે ગમતું સપનું કેવી રીતે જોઈ શકીએ? સપનું જોવા માટે તો સુઈ જવું પડે. અને સપનું આપણી મરજી પ્રમાણે ન આવે. સપનું તો આવતું હોય એવી રીતે જ આવે. ક્યારેય વિચાર્યું છે કે આપણને આપણી મરજી પ્રમાણેના સપનાં કેમ નથી આવતા? ક્યારેક તો બીકાળવાં સપનાં આવે અને ક્યારેક તો આપણા સગાં અને મિત્રો આપણને મુશ્કેલીમાંથી બચાવે નહીં બોલો. આવું શા માટે થાય છે?



સપનાં શા માટે આવે છે, સપનાં ન આવે તે માટે શું કરવું? અમુક જાતના જ સપનાં શા માટે આવે છે? એ વિશે મનોવિજ્ઞાનીઓ હજુ સંશોધન કરી રહ્યા છે, પણ કોઈને સચોટ કારણ મળ્યું નથી. એટલે કે સપનાં નું વિજ્ઞાન હજુ અધુરું છે. કારણ કે સપનાંનું વિજ્ઞાન આપણા મગજ સાથે જોડાયેલું છે. એક હકીકત એ પણ છે કે કોઈ મનુષ્ય ક્યારે પોતાની હયાતિમાં પોતાનું મગજ જોઈ શકતો નથી. માણસ જીવે ત્યાં સુધી મગજ ખોપરી નામની સલામત પેટીમાં પડ્યું પડ્યું વિચાર્યા કરે, એ વિચારોમાંથી જ સપનાં જન્મે. મનોવિજ્ઞાન કહે છે કે સપનાં આવવાનું કારણ આપણું દુઃખ, સુખ તેમજ સારા કે ખરાબ અનુભવો છે, જે આપણી સ્મૃતિમાં સમાઈ જાય છે. આપણું શરીર ભૂખ્યું કે તરસ્યું હોય, રોગગ્રસ્ત હોય અથવા ખૂબ સારું હોય. આ બધાની અસર આપણા વિચારો ઉપર પડતી હોય છે. આપણા રોજિંદા કાર્યો, અકારણ બીક, જાત જાતની ઈર્ષ્યા, અતિલોભ, આ બધાને કારણે સપનાં આવે છે. ટૂંકમાં આપણો સ્વભાવ સપનાં માટે જવાબદાર છે. સપનાં શા માટે આવે છે, વાસ્તવિક જીવન સાથે તેનો શું સંબંધ છે, શું સપનાં વાસ્તવિકતાનું પ્રતિબિંબ છે, શું સપનાં જીવનને અસર કરે છે? આવા કેટલાય પ્રશ્નો છે. કેટલાક લોકો સપનાંનું વિશ્લેષણ કરે છે, સપનું સાચું પડશે તેવી આગાહીઓ કરે છે, જે મોટાભાગે ખોટું પડે છે. આપણી બંધ પાંપણની પાછળ એક રોમાંચક વિશ્વ છે, જે આપણે ઊંઘમાં સરી જઈએ તે પછી દેખાય છે. જો આપણને એક જ સપનું વારંવાર દેખાતું હોય અથવા એના જેવાં જ સપનાં આવતાં હોય તો આપણે આપણા સ્વભાવ અને વિચારોનું વિશ્લેષણ કરવું જોઈએ. સપનાં વિશે સદીઓથી વિજ્ઞાનીઓ અને જ્યોતિષિઓ ચર્ચા કરી રહ્યા છે. પણ હજુ સુધી વિજ્ઞાન સપનાંનું મૂળ કારણ શોધી શક્યું નથી. આ એક રહસ્યમય અને માયાવી જગત છે, જે એક જ માણસને દેખાય છે. વળી સપનાંની સ્મૃતિની અવધી પણ બહુ ઓછી હોય છે. આવેલું સપનું બીજા દિવસે બપોર થતાં સુધી ભુલાઈ જતું હોય છે. આ બધાને કારણે સપનાંનું રહસ્ય આજે પણ રહસ્ય જ બની રહ્યું છે.

તેમ છતાં મનોવિજ્ઞાનીઓએ કેટલાક તારણો કાઢ્યા છે. સપનાંનો સંબંધ માણસની ઊંઘ અને સ્વાસ્થ્ય સાથે છે. આપણને ઊંઘ આવે છે છતાં પ્રગાઢ ઊંઘનો ગાળો બહુ ઓછો હોય છે. જેને કહેવાય કે ઘોડા વેચીને સુઈ રહેવું, એવા માણસો પણ ઓછા હોય છે. અમુક પરિસ્થિતિમાં આપણને સારી ઊંઘ આવતી નથી. જેમ કે અજાણી જગ્યાએ કે વાહનોમાં કે કોઈ ચિંતા વખતે પ્રગાઢ ઊંઘ આવતી નથી, પણ એવી ઊંઘમાં પણ સપનાં તો આવે જ છે. આવી સ્થિતિમાં આજુબાજુ થતી હલચલ કે અવાજ સાથે સપનું તાર મેળવી લે છે. દાખલા તરીકે તમારી બાજુમાં કોઈ જોરજોરથી ઘોરતું હોય તો તમને સપનાંમાં ઘુરકિયા કરતું પાણી દેખાઈ શકે છે. સામાન્ય રીતે આપણી આઠ કલાકની ઊંઘના ચાર તબક્કાઓ હોય છે, દરેક તબક્કામાં આપણી આંખો દોઢ કલાક હલનચલન કરે છે. જેને રેપિડ આઇ મૂવમેન્ટ સ્લીપ કહેવામાં આવે છે. આ મૂવમેન્ટ સાથે આપણા મગજમાં આલ્ફા અને ગામા તરંગો નિકળે છે, જેના કારણે સપનાં આવે છે, ઊંઘના દરેક તબક્કાના દોઢ કલાકે આપણી આંખોની ગતિ સમાપ્ત થાય છે. ઊંઘની આ અવસ્થાને નોન-રેપિડ આઇ મૂવમેન્ટ સ્લીપ કહેવામાં આવે છે, આ ઊંઘની આ અવસ્થામાં ડેલ્ટા વેવ નીકળે છે, આ છે ગાઢ અવસ્થા. આ સ્થિતિમાં સપનાં આવતા નથી. કેટલાક લોકોને હંમેશા સારાં સપનાં આવે છે, પરાક્રમવાળા સપનાં આવે છે તો કેટલાક માણસોને તેમના સપનાંમાં હિંસક પ્રાણીઓ, સાપ, પાણીમાં તણાઈ જવું, કે કોઈ વાહન ધસમસતું ચડી આવે એવાં સપનાં દેખાય છે. આ પરિસ્થિતિ એ માણસના સ્થાઈ ભાવ ઉપર હોય છે. આપણે દિવસભર જે કર્યું હોય એ મુજબની કે એનાથી ઉલટી સ્થિતિ સપનાંમાં દેખાઈ શકે છે. તો ઘસઘસાટ ઊંઘો અને સપનાં જુઓ. સપના ન દેખાય તો ખુશ થજો કે એ સારી ઊંઘની નિશાની છે.



# પહેલી વાર ચૂંટાયેલા સભ્ય ડફેરોના ગંગામાં આવ્યા

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

‘હકીમભા ઘર ગમ્યા?’

હા બેન બા. મને એંસી થ્યા. ઘર થાશે એવું સપનેય વિચાર્યું નહોતું. અમારી પાહે તો ઓળખાણેય ક્યાં હતી. આ તો વર્ષો પહેલાં અમારા કાંક પુણ્ય ભેગા થ્યા હશે તો અલ્લાહે તમને મોકલી આપ્યા. નકર અમારું ધણી કોણ થાય?’

‘હકીમભા હું ઘરનું પૂછું છું?’

‘ઘર તો ગમે જ ને બા? કીમ ના ગમે. આવા હાંઠિકડાવાળા છાપરાં ને ઝિણીયામાં પેઢીઓ વહી ગઈ. મરુ એ પહેલા ઘર થઈ જાય તો હારુ એટલે તમને ફોન કરીને બહુ કનડ્યા પણ તમે અમારો કેડો ન મૂક્યો એટલે આ બધું પાર પડ્યું.’

હકીમભા સાથેનો પરિચય ૨૦૦૬થી. વિચરતી જાતિઓને શોધવા ગામડે ગામડે એમની જેમ હુંયે ભટકતી ને એ વખતે વઢવાણના દેદાદરામાં હકીમભાના ડંગે હું પહોંચેલી. એ વખતે તો એમની તબીયત સારી. આજે હવે હાથમાં કંપન ઘણો આવે. ચાની રકાબી પણ એ પકડી ન શકે. પોલીસની કનડગત એ વખતે ડફેર પરિવારોને ઘણી એટલે મોટાભાગે ગામથી દૂર સીમમાં ને સરળતાથી પોલીસ પહોંચી ન શકે એવી જગ્યાએ એમનો વસવાટ. સ્થિતિ દયનીય. સીમરખા તરીકે કામ કરે ને સીમરખોપુ ન મળે તો ખેતરમાં મજૂરી. પણ સીમ સાચવવા ડફેર પર ભરોસો કરનાર સમાજ એમને ગામમાં વસાવવા, ગામમાં રહેતા હોવાનો આધાર કાઢી આપવા તૈયાર નહીં. તેમનો ઈતિહાસ ઊજળો નહીં. ગુનેગાર તરીકેની છાપ. પણ આ છાપ કેમ પડી? કઈ સ્થિતિ ઉત્પન્ન થઈ કે એમને અનૈતિક કહી શકાય તેવો ગુનાનો માર્ગ અપનાવવો પડ્યો? આ બધુ સમાજે વિચાર્યું નહીં, આવામાં એમને અપનાવવાનું, ગામમાં સાથે રાખવાનું તો ક્યાંથી થાય?

સુરેન્દ્રનગરના ભડવાણામાં અમે છ ડફેર પરિવારોના ઘર બાંધ્યા. તેમના ગૃહપ્રવેશનો કાર્યક્રમ આયોજિત કર્યો, એમાં લખતર વિધાનસભાના ધારાસભ્ય શ્રી પી.કે. પરમાર ખાસ હાજર રહ્યા. વંચિતો માટે અનુકંપા ધરાવતા ધારાસભ્ય શ્રીએ કહ્યું કે, “કાર્યક્રમમાં આવતો હતો ત્યારે ભડવાણા ગામ વટાવી અમે આગળ ચાલ્યા ત્યારે મે મારી સાથે હતા તે હોદ્દેદારોને પૂછ્યું કે, ગામ તો જતું રહ્યું આ ઘરો ક્યાં બાંધ્યા છે? ત્યારે એમણે કહ્યું, વિચરતી જાતિના પરિવારો તો વગડામાં રહે. એમને સરકાર પ્લોટ પણ એ ઝૂંપડાં બાંધી રહે ત્યાં ફાળવે. ગામથી છેટા. આવું થવાનું કારણ એમની છાપ. નાનો હતો ત્યારે ડફેર પરિવારો ચોરી કરે એ વાત સાંભળેલી પણ ઘરફોડ કે મોટી ચોરી નહીં. બકરું કે ક્યાંક અનાજની ચોરી. જેને નાની ચોરી કહી શકાય. પણ પાછા આ બધા વફાદાર પણ ખરા. તમે એના માટે કાંઈક નાનકડુ કર્યું હોય તો તમારા માટે જીવ આપી દે એવા ને ગણ તો ક્યારેય ન ભૂલે. પણ સાચુ કહુ તો કોઈએ આ સમાજને પ્રેમથી આવકાર્યો નહીં એટલે કદાચ એ વેગળા રહ્યા. તમે આ પરિવારનું બાવડું પકડ્યું એનો અને આ બધાના ગૃહપ્રવેશ કાર્યમાં હું નિમિત્ત બની શક્યો મને આનંદ છે.”

પહેલી વાર કોઈ ચૂંટાયેલા સભ્ય ડફેર પરિવારોના ગંગામાં આવ્યા. સારા સભ્ય માણસો આ બધા પરિવારોની વચમાં જવાનું ટાળે. અમે હંમેશાં કહીએ કોઈ વ્યક્તિ ગુનેગાર હોઈ શકે પણ આખો સમાજ ક્યારેય ગુનેગાર ન હોય. વળી જેવુ કામ આપણને અનૈતિક લાગે એને નૈતિકતા તરફ વાળવાનું કામ કરવું જોઈએ કે દૂર ઊભા રહીને એ આવા છે, તેવા છે એવી ટીકા? ગુજરાતમાં ભડવાણા ગામ બહુ જૂજ ગામોમાંનું એક કે જેણે ડફેર સમુદાયને પોતાના ગામમાં વસાવવાની હિંમત કરી. ઘરવિહોણા સદીઓથી વગડો ખૂંદતા પરિવારોને સ્થાયી કરવા માટે સરકારે અલાયદો ઠરાવ કર્યો છે. પણ એ ઠરાવનો અમલ ભડવાણા જેવી પંચાયત રસ દાખવે તો સરળતાથી થાય. પારસીઓ સંજાણ બંદરે ઉતર્યા અને ત્યાંના રાજા પાસેથી ભારતમાં રહેવાની મંજૂરી માંગી. રાજાએ પરદેશી છે, દેશમાં રહીને કાંઈક ડખો કરશે તો? એવી શંકા વ્યક્ત કરી. ત્યારે પારસી પરિવારે દૂધ મંગાવ્યું ને સાથે છુટ્ટી સાકર. દૂધનો ગ્લાસ આવ્યો તો એમાં સાકર નાખીને એમણે કહ્યું, તમારા દેશમાં દૂધમાં સાકર ભળે એમ અમે ભળી જઈશું. રાજાએ સંમીલીત થવાની ભાવના રાખનાર પારસી પરિવારોને ભારતમાં વસવાની મંજૂરી આપી ને જુઓ કોઈ જ પ્રકારના ઉપદ્રવ વગર પારસી સમુદાય અદના ભારતીયની જેમ સદીઓથી આપણા દેશમાં દેશના જ એક બનીને વસી ગયા. રતનટાટા જેવા અનેક પારસીઓએ દેશના ઘડતરમાં પોતાનું મહત્તમ યોગદાન પણ આપ્યું. પારસી સમુદાય બહારથી આવ્યો ને આપણે એને અપનાવ્યો તો ડફેર જેવી અનેક વિચરતી વિમુક્ત જાતિ તો આ ધરતીની ધૂળમાં જન્મેલી. અહીંયાની જ છતાં એને અપનાવવા મન પાછુ પડે આવું કેમ?

સમાજમાં બદલાવ નથી એમ પણ નહીં કહીએ. પૂ. મોરારીબાપુએ 2011માં વિચરતી જાતિઓ માટે રામકથા કરી ત્યારે ડફેર પરિવારના હાથના બનાવેલા રોટલા એમણે નવે નવ દિવસ ખાધા. ગુનાહીત પ્રવૃતિ સાથે સંકળાયેલા પરિવારોને પૂ. બાપુ જેવા અનેકોએ પ્રેમ આપ્યો. અમે વહાલની સાથે રોજગારના વિકલ્પો આપ્યા. તમે અમારો પરિવાર છો એવું કહેવામાં અમને જરાય નાનમ નથી, એવું અમે એમને માત્ર કહ્યું નહીં, પણ આ વાત એ અનુભવે તેવા પ્રયત્નો કર્યા. ભડવાણાના ડફેર પરિવારોને ઓળખાણના આધારોથી લઈને ઘર મળવા સુધીની સફરમાં અઢાર વર્ષ લાગ્યા. પણ આ વર્ષો દરમ્યાન પરિવારની જેમ અમે એમના સુખ દુઃખના સાથી બન્યા. એટલે નાતો પારિવારીક થયો. કોઈ પણ કાર્યને પૂર્ણ કરવા નિયત-સમય જોઈએ અને આપણે ધીરજપૂર્વક એ આપવો પડે. ક્યારેય ઉતાવળે આંબા ન પાકે. એટલે જ ભડવાણા જેવું ઉત્તમ ગામ હકીમભાના પરિવારને મળ્યું.

સરકારે પ્લોટ આપ્યા ને મકાન બાંધવા પ્રત્યેક પરિવારને ૧.૩ર લાખ રૂપિયા. પણ આ પરિવારોની ઝંખના ભવિષ્યમાં જરૂર પડે, બીજો માળ બાંધી શકાય, તેવા ઘર બાંધવાની. એ માટે ખર્ચ ઘણો થાય. અમારી સંસ્થા સાથે સંકળાયેલા સ્વજનો કે જેમણે ઈશ્વરે દાન આપવાની હામ આપી છે તેમણે ઘર બાંધવા મદદ કરીને છ પરિવારોની પહેલી પેઢી પાક્કા ઘરમાં રહેવા ગઈ. અમેરિકામાં રહેતા અને મૂળ સૌરાષ્ટ્રના વતની આદરણીય કિશોરભાઈ પટેલ વગડો ખૂંદતા પરિવારોને વહાલપની વસાહતમાં લઈ જવા ઘણી મોટી મદદ કરે. એમની મદદથી અત્યાર સુધી અઢીસોથી વધારે ઘર બંધાયા. તેમણે તેમજ સુશ્રી કુસુમબેન રશ્મીકાંતભાઈ શાહ, શ્રી પ્રતુલભાઈ શ્રોફ, ચેતનભાઈ, મુંકુંદભાઈ વગેરે સ્વજનોએ મદદ કરી અને આ પરિવારો પોતાના એ પણ પાક્કા ઘરવાળા થયા.દુનિયામાં રહેનાર એક પણ વ્યક્તિ ઘર વગરની ન રહે તે સંકલ્પ કરી આપણે સૌ માટે મથવાનું કરીએ તેવી શુભભાવના...